# Surat Municipal Corporation
## e-Magazine

Issue 3
May 27, 2005




### સરથાણા ઝૂ માં  માદા હીપો અને હિમાલયન રીંછનો ઉમેરો

સરથાણા ઝૂ માં મુંબઈના પ્રાણી સંગ્રાહલયેથી માદા હીપોપોટેમસ 'નીના' તેમજ હિમાલિયન રીંછ 'મોહન'ને લાવવામાં આવતાં સુરતી ભૂલકાઓને માટે હવે આ નવા મહેમાનની મુલાકાત રસપ્રદ બની રહેશે.....

વધુ માટે કલીક કરો >>>>>>

### ઘન કચરાના નિકાલ માટે સુરતને 'રોલ મોડેલ' ગણવા પર્યાવરણ બોર્ડની જાહેરાત

સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના એડીશનલ ડાયરેકટર ડૉ. અવિનાશ આકોલકરે સુરત મહાનગરપાલિકા દ્વારા ઘન કચરાના નિકાલ માટે ખજોદ ડિસ્પોઝલ સાઈટ ખાતે તૈયાર કરવામાં આવેલ સેનેટરી લેન્ડ ફીલીંગ સેલ–૧ની મુલાકાત લીધી હતી.  આ મુલાકાત બાદ સુરત મહાનગરપાલિકાની કામગીરીની મુકત કંઠે પ્રસંશા કરી હતી.....

વધુ માટે કલીક કરો >>>>>>



### સુરત મહાનગરપાલિકાઃ  બાળલકવા નાબુદી અભિયાન–૨૦૦૫

સુરત મહાનગરપાલિકા દ્વારા તાઃ૧૫/૦૫/૨૦૦૫ થી તાઃ૧૮/૦૫/૨૦૦૫ દરમ્યાન નેશનલ પલ્સ પોલીયો ઈમ્યુનાઈઝેશન પોગ્રામ હાથ ધરવામાં આવ્યો હતો. કાર્યક્રમના પ્રથમ દિવસે ૧૭૦૧ રસીકરણ કેન્દ્રો પર, પાંચ વર્ષ સુધીના કુલ ૨,૬૮,૪૩૩ બાળકોને પોલીયોની રસી પીવડાવવામાં આવી હતી....

વધુ માટે કલીક કરો >>>>>>

### ચિંતામણી જૈન દહેરાસર

મુગલ બાદશાહ ઔરંગઝેબના શાસનકાળ દરમ્યાન આ જૈન દહેરાસર બંધાયું હતું. દહેરાસરની પ્રતિષ્ઠા અંગે અનેક મતમતાંતરો છે. એક મત પ્રમાણે તેની પ્રતિષ્ઠા ઈ.સ.૧૬૪૫માં થઈ હોવાનું જયારે બીજા મત મુજબ તેની પ્રતિષ્ઠા ઈ.સ. ૧૬૯૯માં થઈ હોવાનું મનાય છે....

વધુ માટે કલીક કરો >>>>>>



## સરથાણા ઝૂ માં  માદા હીપો અને હિમાલયન રીંછનો ઉમેરો

સરથાણા ઝૂ માં મુંબઈના પ્રાણી સંગ્રાહલયેથી માદા હીપોપોટેમસ 'નીના' તેમજ હિમાલિયન રીંછ 'મોહન'ને લાવવામાં આવતાં સુરતી ભૂલકાઓને માટે હવે આ નવા મહેમાનની મુલાકાત રસપ્રદ બની રહેશે.

મુંબઈ સ્થિત ભોંસલે પ્રાણી સંગ્રાહલયમાં જગ્યાના પ્રમાણમાં જાનવરોની સંખ્યા વધુ હોવાથી હાઈકોર્ટમાં એક રીટ પીટીશન દાખલ કર્યાની માહિતીની અત્રેની ઝૂ ઓથોરીટીને જાણ થતાં તેના અનુસંધાનમાં ભારત સરકારની ઓટોનોમસ બોડી કે જે સેન્ટ્રલ ઝૂ ઓથોરીટી ભારત સરકારના વન પર્યાવરણ મંત્રાલયની સંસ્થા છે તેને સરથાણા ઝૂ ના સુપ્રિ. ડો. મહેતાએ મુંબઈ પ્રાણી સંગ્રાહલય સ્થિત જે જાનવર છે તે પ્રકારના જાનવરની સ્થાનિક પ્રાણી સંગ્રાહલયને જરૂરિયાત હોવાથી તાબડતોબ કરેલ રજૂઆતને પગલે તેમજ ઓથોરીટી ચીફ એકઝીકયુટીવ  શ્રી ડી.આર. શર્માને કરેલી સીધી જ રજૂઆતના અનુસંધાનમાં તેઓએ ઉપરોકત રજૂઆતને ગાહય રાખી મુંબઈ પ્રાણી સંગ્રાહલયના ઉપરોકત નર અને માદએમ બે જાનવરોને સરથાણા પ્રાણી સંગ્રાહલયના મહેમાન બનાવ્યા હતા.





ઓથોરીટી ધ્વારા લેવાયેલા ઉપરોકત નિર્ણયને પગલે સરથાણા ઝૂના સુપ્રિ.ડો.મહેતાના નેતૃત્વમાં તાજેતરમાં જ સ્થાનિક પ્રાણી સંગ્રાહલયની ટીમ માદા હીપોપોટેમસ નીના તથા હિમાલિયન રીંછ મોહનને અત્રે લઈ આવી હોવાનું જાણવા મળ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કેહાલમાં સરથાણા ઝૂ ખાતે નંદા અને મૌલુ નામક હીપોપોટેમસ છે તેની સાથે આ ત્રીજા મહેમાન નીનાનો ઉમેરો થયો છે અને તે જ રીતે રાની નામક માદા રીંછને હવે મોહનનો સાથ સાંપડયો છે.

મુંબઈ પ્રાણી સંગ્રાહલયથી અત્રે લવાયેલા ઉપરોકત મહેમાનોમાં માદા હીપોપોટેમસની ઉંમર પાંચ વર્ષની છે જયારે હિમાલિયન રીંછ મોહનની સામાન્ય રીંછના પ્રમાણમાં બમણું ૨૦૦ કિલો જેટલું વજન ધરાવે છે.

TOP

## ઘન કચરાના નિકાલ માટે સુરતને 'રોલ મોડેલ' ગણવા પર્યાવરણ બોર્ડની જાહેરાત

તા. ૧૮–૫–૦૫ના રોજ સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના એડીશનલ ડાયરેકટર ડૉ. અવિનાશ આકોલકરે સુરત મહાનગરપાલિકા દ્વારા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ એન્ડ હેન્ડલીંગ રૂલ્સ–૨૦૦૦ મુજબ ઘન કચરાના નિકાલ માટે ખજોદ ડિસ્પોઝલ સાઈટ ખાતે તૈયાર કરવામાં આવેલ સેનેટરી લેન્ડ ફીલીંગ સેલ–૧ની મુલાકાત લીધી હતી.

આ મુલાકાત બાદ સુરત મહાનગરપાલિકાની કામગીરીની મુકત કંઠે પ્રસંશા કરી હતી. ડૉ. અવિનાશ આકોલકરે જણાવ્યું હતું કે સમગ્ર ભારતમાં મ્યુ. ઘન કચરાના અંતિમ નિકાલ માટે સુરત મહાનગરપાલિકાએ તૈયાર કરેલ પ્રોજેકટ સૌ પ્રથમ સફળ પ્રોજેકટ છે.સુરતના સેનેટરી લેન્ડ ફીલીંગ સેલ–૧ને રોલ મોડેલ તરીકે જાહેર કરી સમગ્ર દેશમાંથી અન્ય રાજયોની મહાનગરપાલિકાઓની વહીવટી તથા રાજકીય કમિટિઓને સુરતની મુલાકાત લઈ તેનું અનુકરણ કરવા જણાવાશે.

ડોમેસ્ટીક વેસ્ટના નિકાલ માટે દેશભરમાં મોખરાનું સ્થાન મેળવી સુરતે વધુ એક સિધ્ધિ હાંસલ કરી છે. સુરતને 'રોલ–મોડેલ' ગણી દેશની જુદી જુદી મહાનગરપાલિકાઓમાં પણ તેના અમલીકરણનો નિર્ણય જાહેર કરવામાં આવ્યો હતો.

TOP

## સુરત મહાનગરપાલિકા : બાળલકવા નાબુદી અભિયાન–૨૦૦૫

બાળલકવા નાબુદીના ધ્યેયને લક્ષમાં રાખી ભારત સરકારના આદેશાનુસાર સુરત મહાનગરપાલિકા દ્વારા તાઃ૧૫/૦૫/૨૦૦૫ થી તાઃ૧૮/૦૫/૨૦૦૫ દરમ્યાન નેશનલ પલ્સ પોલીયો ઈમ્યુનાઈઝેશન પોગ્રામ હાથ ધરવામાં આવ્યો હતો. કાર્યક્રમના પ્રથમ દિવસે ૧૭૦૧ રસીકરણ કેન્દ્રો (બુથ) પર, પાંચ વર્ષ સુધીના કુલ **૨,૬૮,૪૩૩** બાળકોને પોલીયોની રસી પીવડાવવામાં આવી હતી. જયારે કાર્યક્રમના બીજા, ત્રીજા, ચોથા દિવસે ઘરેઘર ફરીને **૧,૬૫,૭૩૯** બાળકો ને પોલીયોની રસી પીવડાવવામાં આવી હતી. આમ સુરત મહાનગરપાલિકા વિસ્તારના પાંચ વર્ષ સુધીના **૪,૪૬,૫૦૦** બાળકોના લક્ષ્યાંક સામે ચાર દિવસની કામગીરી મળીને કુલ **૪,૩૪,૧૭૨** બાળકોને પોલીયોની રસી પીવડાવી **૯૭.૨૪ %** કામગીરી કરવામાં આવી છે.



નેશનલ પલ્સ ઈમ્યુનાઈઝેશન પોગ્રામની કામગીરીને સફળતાપૂર્વક પાર પાડવા માટે કાર્યક્રમમાં ભાગ લેનાર મ્યુ.પદાધિકારીઓ, સદસ્યશ્રીઓ, સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ, કર્મચારીઓ, આંગણવાડી કાર્યકર તથા હેલ્પર બહેનો, સ્મીમેર / ગવર્નમેન્ટ મેડીકલ કોલેજના સ્ટુડન્ટસ, લોખાત હોસ્પિટલના નર્સીંગ / ડી.એમ.એલ.ટી.સ્ટુડન્ટસ, સુરત જનરલ હોસ્પીટલ તથા અશકતાશ્રમ હોસ્પીટલની નર્સ બહેનો, વેસ્ટર્ન રેલ્વે (સુરત) સ્કાઉટની રોવર / રેન્જર ટીમ, યુ.સી.ડી.,નવ સર્જન ટ્રસ્ટ, નિરવ ટ્રસ્ટના સ્વયં–સેવકો તથા સ્થાનીક કાર્યકરોએ કાર્યક્રમમાં સહભાગી થઈ સફળ બનાવેલ છે તેઓનો તથા નાગરિકો તથા જે પ્રાઈવેટ પ્રેકટીશનરોએ પોતાની ડીસ્પેન્સરી / રહેઠાણ / દુકાન વિગેરે નો ઉપયોગ રસીકરણ કેન્દ્ર ના રૂપે કરવા દઈ સહકાર આપ્યો છે, તેઓ તથા વર્તમાન પત્રના તંત્રીશ્રીઓ, સ્થાનિક ચેનલો, સિનેમાગૃહ, સુપ્રિટેન્ડેન્ટશ્રી સુરત રેલ્વે, એસ.ટી. નિગમ તથા સુરત શહેરના તમામ નાગરિકોનો સુરત મહાનગરપાલિકા આભાર માને છે.

નાગરિકોએ આ રાષ્ટ્રિય કાર્યક્રમમાં સહકાર આપેલ છે જે બદલ અભિનંદન.

TOP

## ચિંતામણી જૈન દહેરાસર



મુગલ બાદશાહ ઔરંગઝેબના શાસનકાળ દરમ્યાન આ જૈન દહેરાસર બંધાયું હતું. દહેરાસરની પ્રતિષ્ઠા અંગે અનેક મતમતાંતરો છે. એક મત પ્રમાણે તેની પ્રતિષ્ઠા ઈ.સ.૧૬૪૫માં થઈ હોવાનું જયારે બીજા મત મુજબ તેની પ્રતિષ્ઠા ઈ.સ. ૧૬૯૯માં થઈ હોવાનું મનાય છે. શહેરના મરજાન શામી રોડ ઉપર મુઘલસરાઈ વિસ્તારમાં આવેલું આ દહેરાસર માત્ર ધાર્મિક સ્થળ જ નથી પરંતુ ગુજરાતની કાષ્ઠકલા અને ચિત્રકલાનો ઉત્તમોત્તમ નમૂનો છે. બાહ્ય રીતે તદ્ન સાદા તથા ઘુમ્મટ વિનાના દહેરાસરની અંદરના ભાગમાં કલાભંડાર સચવાયેલો છે.

TOP